જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૯/૨૦૧૪ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૦૭/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૮૯ લીટર દેશી દારૂ, ૨૮ બોટલ ઇગ્લીશ દારૂ, ૦૫ બિયર ટીન અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિઓને ઝડપી કુલ રૂપિયા ૨૫૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૦૮/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૨૩૦૯/૧૪**

**સોલા હાઇકોર્ટ :** અર્જુનભાઇ શંકરભાઇ મકવાણા (રહે.વસંતનગર ટાઉનશીપ, ગોતા)એ તા.૧૦/૯/૧૪ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે અલગ-અલગ મોબાઇલ નંબર ઉપરથી પોતાના મોબાઇલ ઉપર ફોન કરી અજાણી વ્યક્તિએ એ.ટી.એમ.નો નંબર અને પાસવર્ડ જાણી લઇ તા.૬/૯/૧૪ થી તા.૮/૯/૧૪ દરમ્યાન અર્જુનભાઇનાં ખાતામાંથી રૂપિયા ૨૪,૦૦૦/- ઉપાડી લઇ છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.ડાભી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૩૧૦/૧૪**

**એલીસબ્રીજઃ** યોગેનભાઈ સુર્યકાંતભાઈ દોશી (રહે, પાર્થ એપાર્ટમેન્ટ થાકોરપાર્ક સોસાયટી ફતેપુરા પાલડી એલીસબ્રીજ) એ તા.૧૦/૯/૧૪ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૮/૧૪ કલાક ૧૧/30 થી કલાક ૧૨/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧,૪૦,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૨,૭૦,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે એસ કંડોરીયા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૧૧/૧૪**

**કાલુપુર :** ગુલાબસિંહ મફાજી જાડેજા (રહે,તંબુડીની પોળ, અમરતભાઇ માધવલાલ પટેલ આંગડીયા પેઢીની ઓફીસનાં મકાનમાં, કાલુપુર) એ તા.૧૧/૯/૧૪ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૯/૧૪ સવારના ૭/30 વાગ્યાના સુમારે ત્રણ અજાણ્યા ઇસમોએ પોતાની ઓળખ ક્રાઇમબ્રાન્ચનાં પોલીસવાળા તરીકે આપી કાલુપુર ગાંધીરોડ રતનપોળ નાકા પાસે આવેલ રાધે હોટલ નજીક ગુલાબસિંહ જે રીક્ષામાં બેસેલ હતા તે રીક્ષા ઉભી રખાવી, રીક્ષામાં મુકેલ ગુલાબસિહ ના થેલામા મુકેલ પાર્સલને ચેક કરવાના બહાને થેલાની ચેઇન ખોલાવી, થેલામાં મુકેલ ત્રણ પાર્સલો કે જેમાં સોનાના દાગીના કિંમત રૂપિયા ૪૦,૫૧,૮૦૦/- મતાના હતા તે પાર્સલ ગુલાબસિંહની નજરચુકવી એકબીજાની મદદગારી કરી ચોરી કરી પલાયન થઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.મકવાણા ચલાવે છે.

**કારંજઃ** લક્ષ્મીબહેન હરીભાઈ મકવાણા (રહે,ઉધ્ધવનગર ટેકરા સોરાબજી કંપાઉન્ડ ગુરૂદ્વારા જુનાવાડજ) એ તા.૧૦/૯/૧૪ નારોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૮/૧૪ સવારના ૧૧/૧૦ થી ૧૨/૧૦ દરમ્યાન ઘી કાંટા કોર્ટ કંપાઉન્ડમાં ટેબલ નંબર ૦૯૧૧ ઉપર મુકેલ પોતાના પર્સની ચેઈન ખોલી સોનાની ચેઈન, સોનાની વિંટી અને રોકડ રૂપિયા ૪૦૦૦/- મળી કિમત રૂપિયા ૩૪,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઈ એન ઘાસુરા ચલાવે છે.

<u>**વાહન અકસ્માતમાં મૃત્યુ :-**</u> <u>**સમાચાર યાદી નં.૨૩૧૨/૧૪**</u>

**એલીસબ્રીજ :** અરવિંદભાઇ વિનોદભાઇ સુર્યવંશી (રહે, સર્જન એપાર્ટમેન્ટ, જયંતપાર્ક, ઇસનપુર) એ તા.૧૦/૯/૧૪ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ લખાવી છે કે તા.૭/૯/૧૪ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના પુત્ર ઉમંગ (ઉ.વ.૧૮)માણેકબાગ બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ નજીકથી રોડ ક્રોસ કરી રહ્યો હતો ત્યારે કાર નંબર જીજે.૧.કે.સી.૦૦૮૮ ના ચાલકે કાર બેદરકારીથી ચલાવી ટક્કર મારતા ઉમંગને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે વા.સ.હોસ્પીટલ લઈ જતા તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ એમ પુવાર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.